પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯૪ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨, શનિવાર; ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પીએફઆઈ ઉગ્ર બન્યું, કેરલમાં તોડફોડ



### અલગ અલગ જગ્યાએ તોડફોડની ઘટનાઓ પણ સામે આવી છે : એનઆઈએ અને ઈડી તરફથી કરવામાં આવેલા આ દરોડા પીએફઆઈ તરફથી દેશમાં આતંકી ગતિવિધિઓને કથિત રીતે સમર્થન કરવા મામલે પાડ્યા છે

કેરલ,તા.૨૩

પોપ્યુલર ફ્રંટ ઓફ ઈંડિયાએ ફ્રૈંછની આગેવાનીમાં ગુરુવારે કેટલીય એજન્સીઓ તરફથી તેમની ઓફિસો, નેતાઓના ઘરો અને અન્ય જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા, જેના વિરોધમાં ૨૩ સપ્ટેમ્બરે હડતાળનું આહ્વાન કર્યું છે. પીએફઆઈએ શુક્રવારે કેરલ બંધનું એલાન આપ્યું હતું. આ દરમિયાન કેરલના તિરુવનંતપુરમમાં એક કાર અને ઓટો રિક્ષામાં તોડફોડ કરવામાં આવી હતી. તો વળી તમિલનાડૂના કોયંબટૂરમાં સભ્યોની ધરપકડ બાદ પીએફઆઈએ હિંસક પ્રદર્શન કર્યું છે. આ દરમિયાન બીજેપીની ઓફિસ પર પણ હુમલો કર્યો હતો. બીજેપી કાર્યકર્તાઓનો આરોપ છે કે, તેમના કાર્યાલય પર પેટ્રોલ બોમ્બ ફેંકવામાં આવ્યા. આ સમગ્ર ઘટના બાદ ભાજપ ઓફિસ બહાર પોલીસ ફોર્સ તૈનાત કરી દેવામાં આવી છે. એનઆઈએ અને ઈડી તરફથી કરવામાં આવેલા આ દરોડા પીએફઆઈ તરફથી દેશમાં આતંકી ગતિવિધિઓને કથિત રીતે સમર્થન કરવા મામલે પાડ્યા છે. એનઆઈએ તથા અન્ય એજન્સીઓએ ગુરુવારે ૧૫ રાજ્યોમાં ૯૩ જગ્યા પર એક સાથે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન પીએફઆઈના ૧૦૬ નેતાઓ અને કાર્યકર્તાઓની ધરપકડ કરી હતી. કેરલમાં પીએફઆઈના સૌથી વધારે ૨૨ કાર્યકર્તાઓને દબોચી લેવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા લોકોમાં તેના અધ્યક્ષ ઓએમએ સલામ પણ સામેલ છે. તો વળી ભાજપ કેરલ કમિટિએ

● અનુસંધાન પાન-૭ પર

## આગામી મહિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જઈ શકે છે બ્રિટન

### બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય કરાર અંતર્ગત મોટી ડીલ ફાઈનલ થઈ શકે છે, દેશવાસીઓને આ માટે દિવાળી સુધીમાં સારા સમાચાર મળી શકે છે

નવી દિલ્હી,તા.૨૩

ભારત અને બ્રિટેન વચ્ચે વેપાર કરારને વધુ મજબૂત કરવા માટે આગામી મહિને પીએમ નરેન્દ્ર મોદી યુકેની યાત્રા પર જશે. અધિકારીઓ પાસેથી મળેલી વિગતો અનુસાર પીએમ મોદી ઓક્ટોબર મહિનામાં બ્રિટેન પર જશે અને આ દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય ફ્રી ટ્રેડ એગ્રીમેંટ સાઈન થઈ શકે છે. બંને દેશ આ એગ્રીમેન્ટને દિવાળી પહેલા કરવાનું મન બનાવી રહ્યા છે. આ મામલા સાથે જોડાયેલ એક અધિકારીએ જણાવ્યું હતું કે, ભારત અને બ્રિટેન બંને દેશોને વિશ્વાસ છે કે, તે દિવાળી પહેલા આ એગ્રીમેંટ સાઈન કરી લેશે. આ અનુમાન છે કે આ એગ્રીમેંટ બંને દેશોના પ્રધાનમંત્રીઓની હાજરીમાં બંને દેશોના વેપાર મંત્રી તેના પર હસ્તાક્ષર કરશે. આ મામલામાં સંબંધિત અધિકારીએ

● અનુસંધાન પાન-૭ પર

## અશોક ગેહલોત અધ્યક્ષ પદ માટે મુખ્યપ્રધાન પદ છોડવા તૈયાર

### ગેહલોતે જયપુર ખાતે સીએમ પદ છોડવાનો ઈશારો કરીને અધ્યક્ષની ચૂંટણીના મેદાનમાં ઝંપલાવવાની જાહેરાત કરી

નવી દિલ્હી, તા.૨૩

હંમેશા વંશવાદના આરોપોનો સામનો કરતી દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસમાં ૨૪ વર્ષ બાદ ગાંધી પરિવાર સિવાયની કોઈ વ્યક્તિ અધ્યક્ષ બને તે લગભગ નિશ્ચિત જણાઈ રહ્યું છે. કોંગ્રેસના અધ્યક્ષ પદની આ રેસમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત સૌથી આગળ ગણાય છે. ગાંધી પરિવારની પહેલી પસંદ ગણાતા અશોક ગેહલોત પાર્ટીના આગામી અધ્યક્ષ બને તેવી શક્યતા ખૂબ જ પ્રબળ છે.

જોકે ગેહલોતે આ માટે થરૂર સહિત અન્ય કેટલાય સાથીઓનો મુકાબલો કરવો પડશે. ત્યારે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના સૂરમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણીમાં ઝંપલાવવાની જાહેરાત સાથે જ તેમણે પોતે અધ્યક્ષ બન્યા બાદ રાજસ્થાનનું મુખ્યમંત્રી પદ છોડી દેશે તેવો ઈશારો કર્યો છે. આ ઉપરાંત તેમણે

● અનુસંધાન પાન-૭ પર








